# રણાસણ ગામના ગોચરમાં અસમાજીક તત્વોનું દબાણ

## ડેરીના વહીવટમાં ભ્રષ્ટ્રાચારની આશંકા : માથાભારે દબાણકર્તાઓ દ્વારા ઠેર ઠેર વાડા અને ઉકરડાં કરી દેવાતા આવવા જવાનો માર્ગ પણ બંધ : ગ્રામજનોને ધાક-ધમકીથી ચુપ કરી દેવાય છે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર તાલુકાના રણાસણ ગામના ગોચરમાં ગેરકાયદેસર દબાણો વધી જવા પામ્યા છે. અને આ દબાણકર્તાઓદ્વારા ગોચરની જમીન પર અડિંગો જમાવી દેવાયો છે તેમજ ઠેર ઠેર ગાયોના વાડા બાંધી દેવાયા છે. આ બાબતે કોઈ વિરોધ કરવા જાય તો માથાભારે દબાણકર્તાઓ દ્વારા બળપ્રયોગ અને મારામારી કરવાની ધમકીઓ આપવામાં આવે છે. આ દબાણ કર્તાઓએ આ ગોચરની જમીનમાં ઠેર ઠેર ઉકરડા ખડકી દીધા છે અને ગાયોને ખુલ્લી મુકી દેવાય છે જેના કારણે રણાસણ ગામમાં આવવા-જવાનો માર્ગ પણ બંધ થઈ જવા પામ્યો છે.

આ દબાણકર્તાઓ માથાભારે તત્વો હોવાથી તેમની સામે લાચર ગ્રામજનો અવાજ ઉઠાવી શકતા નથી. આ ઉપરાંત આ લુખ્ખા તત્વોને ગામના ડેપ્યુટી સરપંચ જે ગામની ડેરીના ચેરમેન પણ છે તેમની ઓથ મળી રહી છે તેવું ગ્રામજનોમાં ચર્ચાઈ રહ્યું છે. ગ્રામજનોના કહેવા મુજબ તો આ ડેરીના ચેરમેન દ્વારા મંડળીમાં પણ જો યોગ્ય ચકાસણી કે ઓડિટ કરવામાં આવે તો ઘણો બધો ભ્રષ્ટ્રાચાર બહાર આવે તેમ છે. ગ્રામજનોને ત્યાં સુધી આશંકા છે કે દબાણ શાખામાં ડેપ્યુટી સરપંચના સગાં હોઈ ગામમાં ક્યારેય દબાણ હટાવવા કોઈ આવતુ નથી. આ ઉપરાંત મધુર ડેરીમાં પણ ઉચ્ચ નિયામક મંડળમાં તેની સાંઠગાંઠ હોઈ ક્યારેય મંડળીમાં સર્ચ ઓડિટ કે અન્ય તપાસ કરાતી નથી અને તનો લાભ લઈ બેફામ ભ્રષ્ટ્રાચાર કરાઈ રહ્યો છે.

ગ્રામજનો દ્વારા એવી વાતો પણ જાણવા મળી છે કે દબાણકર્તાઓ ગામમાં ચાલતા દારૂના અડ્ડાવાળાઓ વગેરે અસામાજિક તત્વોની સાંઠગાંઠના પરિણામે તેઓ ખુલ્લી દાદાગીરી કરી રહ્યા છે અને ભોળા ગ્રામજનોને ભયમાં રાખી ગોચરની જમીનો પર અડિંગો જમાવી દીધો છે.

આ ઉપરાંત ગોચરમાં ઉગેલા બાવળને પણ બારોબાર વેચી મરાય છે તેમજ આ જમીનમાં ઓરડીઓ પણ ઉભી કરી દેવાઈ છે. રણાસણ ગામની ગોચર જમીનને તાત્કાલિક આ તત્વોના પંજામાંથી છોડાવાય અને દૂધ મંડળીમાં ચાલી રહેલા ભ્રષ્ટ્રાચારની તપાસ કરાય તેવી ગ્રામજનોમાં માંગ ઉઠવા પામી છે.

# રાત્રે નગરની ઝાકમઝોળ જોવા જામેલા ટ્રાફિકને નગરજનો જાતે ઉકેલે છે

## દિવસભર ટ્રાફિક ઉકેલતા થાકેલી પોલીસની ગેરહાજરીમાં નગરજનોની સ્વયંશિસ્તથી રાહત

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને નગરને ઝાકમઝોળ રોશનીથી શણગારવામાં આવ્યું છે. આ ઉપરાંત સ્વર્ણિમ પાર્કમાં ડાન્સીંગ ફૂવારા અને તદન ટ્રેડ શૉ ના મુલાકાતીઓના કારણે નગરના ટ્રાફિકમાં ભારે વધારો જોવા મળી રહ્યો છે. ટ્રાફિક પોલીસ દ્વારા આખો દિવસ આ ટ્રાફિકને મેનેજ કરવામાં પરસેવો પડી રહ્યો છે. જેના પરિણામે થાકેલી ટ્રાફિક પોલીસ



નવાનક્કોર સર્કલો પર પણ વિવિધ થીમ આધારીત ડીઝાઈન અને તેમાં ફૂવારાનો પણ સમાવેશ કરાતાં શહેરની રોનક પુરબહારમાં ખીલવા પામી છે. રોજ રાત્રે ૭ વાગ્યા પછી પાટનગરની આ રોનક જોવા નગરજનો શહેરના રાજમાર્ગો પર ખાસ કરીને વિધાનસભા સામેના સ્વર્ણિમ પાર્ક અને મહાત્મા મંદિર આગળ ઉમટી પડે છે. જેના કારણે ૮ થી ૧૦ વાગ્યા દરમ્યાન ટ્રાફિક જામની સમસ્યા ઉભી થઈ રહી છે. જો કે આ સમસ્યાને કેટલાક શાણા નગરજનો દ્વારા સેલ્ફ સર્વિસ આપીને ઉકેલવામાં પણ આવી રહી છે.

છેલ્લા કેટલાક સમયથી નગર સંપૂર્ણપણે પોલીસ છાવણીમાં પરિવર્તિત થઈ જવા પામ્યું છે. પ્રવાસી ભારતીય દિવસ અને વાઈબ્રન્ટ સમિટ ઉપરાંત ગ્લોબલ સાંજ પડતા જ પોરો ખાવા તત્પર બને છે. આ કારણે રાત્રીના સમયે નગરની રોશની જોવા ઉમટતા નગરજનોના ઘસારાને કારણે થતા ટ્રાફિક જામને ઉકેલવા ગણ્યા ગાંઠ્યા પોલીસ જોવામાં આવે છે. પરંતુ આ પરિસ્થિતિમાં કેટલાક નગજનો પોતાની જવાબદારી સમજી ટ્રાફિક પોલીસનો રોલ અદા કરવા લાગી જાય છે અને આ જામેલા ટ્રાફિકને યોગ્ય રીતે સોલ્વ કરવા પ્રયત્નો હાથ ધરે છે. નગરજનોને આ રીતે જાતે ટ્રાફિક સમસ્યા ઉકેલતા જોઈ વાહનચાલકો પણ માનભેર તેમની સૂચનાઓનું પાલન કરવાલાગે છે. આમ, ગાંધીનગરવાસીઓ પોતાના આંગણે થયેલા ઉત્સવોમાં પોતાનું ઉત્તર દાયીત્વ યોગ્ય રીતે નિભાવી ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડી રહ્યા છે.

# મહાત્મા મંદિર નજીક સે. ૧૩માં ઘર આંગણે પાર્ક કરેલ ચાર વાહન ટોઈંગવાન ઉઠાવી ગઈ

ગાંધીનગર, તા. ૧૨

મહાત્મા મંદિરના પાસે આવેલ સેક્ટર-૧૩ના રહેણાંક વિસ્તારમાં ઘર આંગણે પાર્ક કરેલા ૪ વાહનોને ટ્રાફિકની ટોઈંગ વાન ટોઈંગ કરી જતા રહીશોએ છેક સે. ૨૨ સુધી પોતાના વાહન પરત મેળવવા દોડવુ પડ્યુ હતુ. જેથી ટ્રાફિક પોલીસતંત્ર વિરૂદ્ધ ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૩ પાસે મહાત્મા મંદિર આવેલુ છે, જ્યાં વાઈબ્રન્ટના લીધે હાલ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે અને આસપાસના સેક્ટરના રહિશોએ વાહન લઈ નિકળવુ મુશ્કેલ બન્યુ છે. ત્યારે આજે ટ્રાફિક પોલીસની ટોઈંગ વાને તો હદ જ વટાવી દીધી હતી અને સે. ૧૩ના રહેણાંક મકાનની આગળ પાર્ક કરેલા ચાર જેટલા વાહન પુછ્યા વગર જ ટોઈંગ કરી ગયા હતા. આંબેડકર હોલથી ગાંધીનગર રેલવે સ્ટેશન સુધીના માર્ગ પર અનેક રહેણાંક સરકારી અને ખાનગી મકાનો આવેલા છે. જ્યાં એક રહેણાંક મકાનમાં મકાન માલિકના પરિવારજનો મળવા માટે આવ્યા હતા અને તેઓ ૩ બાઈક અને એક્ટીવા ઘર આગળ પાર્ક કરી ઘરમાં ગયા હતા. દરમિયાન અચાનક જ ટ્રાફિકની ટોઈંગવાન આવી ગઈ હતી અને મહેમાનના જ ચારે ચાર વાહન ઉપાડી લઈ ગઈ હતી. થોડા સમય બાદ વાહનના માલિક પરત આવતા ઘરઆંગણે પાર્ક કરેલા વાહન ન જોતા આસપાસમાં પોલીસને પુછપરછ કરતા વાહન ટ્રાફિક પોલીસ લઈ ગઈ હોવાનું માલુમ પડતા તાબડતોડ સેક્ટર-૨૨ ટ્રાફિક પોલીસ સ્ટેશન ગયા હતા જ્યાં કલાકની માતાકુટ બાદ પોતાના વાહન પરત મળ્યા હતા. આથી આ પરિવારજનો ભારે રોષે ભરાયા હતા અને ટ્રાફિક પોલીસ આડેધડ પાર્ક કરેલ ગાડીઓ અને વાહનોને હટાવતી નથી અને ઘર આંગણે પાર્ક કરેલા વાહન ઉપાડી જાય છે તેથી તેઓ ભારે પરેશાન થઈ ગયા છે.

# ચિલોડાના બજારમાં પતંગ દોરીની ખરીદીનો ધમધમાટ

## પતંગ રસિયાઓથી બજારમાં ભીડનો માહોલ : ચાઈનીસ ગુબ્બારાઓ ખરીદવાનું આકર્ષણ વધ્યું

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે ઉત્તરાયણ નિમિત્તે બજારમાં સારી એવી ઘરાકી જોવા મળી રહી છે. ચિલોડાના બજારોમાં પતંગ રસિયાઓ દ્વારા પતંગ દોરીની સાથે સાથે અન્ય વસ્તુઓની પણ ધૂમ ખરીદી કરાઈ રહી હોવાથી બજારમાં ભારે ભીડ જોવા મળી રહી છે. જો કે આ વખતે પતંગ દોરીના ભાવમાં વધારો જોવા મળતા પતંગરસિયામાં થોડી નિરાશા જરુર વ્યાપેલી જણાય છે. આ બજારમાં ચાઈનીઝ ગુબ્બારાઓએ પણ ભારે આકર્ષણ જમાવ્યું છે.


(તસવીર : નટુભાઈ પટેલ)

ચિલોડાના મુખ્ય બજારમાં દોરી રંગવાવાળા, ચરખાવાળાઓ અને ઠેર ઠેર મંડપ દ્વારા પતંગો વેચવાના સ્ટોલ જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત અનેક શ્રમિકો દ્વારા લારીઓમાં પણ પતંગ દોરી અને તેને લગતી અનેક ચીજ વસ્તુઓ જેવી કે ગુંદરપટ્ટી, પીંપૂડા, ભૂંગળા, ટોપીઓ, તુક્કલ, ચશ્મા, હાથની આંગળીઓમાં પહેરાની રબ્બરની આંગળીઓ, ફુગ્ગાઓ, ચાઈનીઝ બલૂન્સ વગેરેનું વેચાણ કરાઈ રહ્યું છે. બજારમાં આ પ્રકારની અનેક હાટડીઓ મંડાતા સમગ્ર ભીડ વર્તાઈ રહી છે.

આ બજારમાં પતંગની વેરાયટીમાં ચીલ, ચાપટ, રોકેટ, ચાંદો, પાવલા, નવરંગ વગેરે તેમજ દોરીમાં સુરતી માંજો અને કાચા રીલમાં સાંકળ-૮, એકેપ૬, આરડીએકસ, ચેલેન્જ વગેરે વેરાઈટી જોવા મળી રહી છે.



# ગાંધીનગરથી અન્ય રાજ્યોની બસ સેવા ચાલુ કરવાની તાતી જરૂર

## રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર તરફના મુસાફરોની સંખ્યામાં વધારો : પાટનગર હોવા છતાં રેલવેની નહીવત સુવિધા : આંતર રાજ્ય બસ સ્ટેન્ડ બનાવી શકાય તેવી સાનુકૂળ પરિસ્થિતિ : હાલ મુસાફરો અમદાવાદ અને ખાનગી વાહનોના ભરોસે

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતમાં અન્ય રાજ્યોમાંથી આવતી લાંબા રૂટની બસો જે અમદાવાદ સુધી આવે છે તેને પાટનગર ગાંધીનગર સુધી લંબાવવી જોઈએ તેવી એક માંગ ઉઠવા પામી છે. ગુજરાતમાંથી રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, દિલ્હી અને ઉત્તરપ્રદેશ સુધી બસસેવાનો વિસ્તાર કરાયો છે. આ બસોને પણ ગાંધીનગર થઈને લઈ જવાય અથવા ગાંધીનગરથી ઉપાડવામાં આવે તે અંગે મુસાફરોમાં માંગણી ઉઠવા પામી રહી છે.

હાલ ગાંધીનગરમાં ઉજ્જૈન, નાસિક, શિરડી, સુન્ધામાતા, શ્રીનાથજી જેવા અન્ય રાજ્યોમાં આવેલ યાત્રાધામો તેમજ ઉદેપુર, જયપુર, આબુ, મુંબઈ વગેરે પ્રવાસન ધામો માટેની મુસાફરોની સંખ્યામાં વધારો થયો છે. આ કારણે જો ગાંધીનગરથી સીધી બસ સેવા ચાલુ કરાય અથવા અમદાવાદથી ઉપડતી બસો વાયા ગાંધીનગર કરાય તો આ મુસાફોને ખાનગી બસો-વાહનોના સહારે રહેવુ ન પડે. હાલના સમયમાં નગરમાંથી રાજસ્થાનના અનેક સ્થળો અને મહારાષ્ટ્રમાં છેક પુના સુધી તેમજ મધ્યપ્રદેશમાં ઉજ્જૈન-ઈન્દોર માટે મુસાફરોની સંખ્યા વધવા પામી છે. ગાંધીનગરમાં જો તંત્ર આ બાબતે રસ લે તો એક આંતરરાજ્ય બસ સ્ટેન્ડ પણ બની શકે તેમ છે કારણ કે પાટનગર હોવા છતાં અહીં રેલવેની સુવિધા નહિવત છે.

# દહેગામ નજીક સરગુડી ગામે છોટા હાથી ટેમ્પો પલ્ટી ખાઈ જતા ૩ના મોત





ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના દહેગામ અંતોલી માર્ગ પર સરગુડી ગામ પાસે એકાએક છોટાહાથી ટેમ્પો પલ્ટી ખાઈ જતા ગંભીર અકસ્માતદ સર્જાયો હતો. જેમાં ઘટના સ્થળે જ ત્રણ વ્યક્તિઓના કરૂણ મોત નિપજ્યા હતા, જ્યારે ૨૧ લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ સંદર્ભે રખીયાલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લાના અંતોલીથી દહેગામ માર્ગ પર અંતોલી તરફથી છોટાહાથી ટેમ્પો નં. જીજે-૧૮-એલબી-૬૭૯૬માં મુસાફરો બેસી દહેગામ આવી રહ્યા હતા. દરમિયાન છોટાહાથી ટેમ્પો સરગુડી ગામે પહોંચતા ટેમ્પો અચાનક જ પલ્ટી ખાઈ જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ડભોડાના વાસણવાળા વાસમાં રહેતા જગદીશજી કાંતિજી પરમાર, હિરાબેન શકરાજી પરમાર અને અમરતબેન મહોબતસિંહ પરમારનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે આ ગમખ્વાર અકસ્માતમાં ૨૧ જેટલા મુસાફરોને ઈજાઓ થતા સારવાર અર્થે ગાંધીનગર અને દહેગામ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માત અંગે પોલીસને જાણ થતા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને અકસ્માત અંગે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૪
સૂર્યાસ્ત : ૬.૧૪

## તાપમાન

મહત્તમ : ૩૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૮.૬ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૩૫ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
તેવર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
સ્ક્રીન-૨ :
તેવર : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦,
સ્ક્રીન-૩ :
આ તે કેવી દુનિયા (ગુજરાતી) : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
પી.કે. : ૧.૦૦, ૭.૦૦

### સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
તેવર : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
: સ્ક્રીન-૨ :
તેવર : ૧૦.૦૦, ૧.૨૦, ૪.૪૦, ૮.૦૦
સ્ક્રીન-૩ :
તેવર : ૧૧.૧૫, ૨.૩૫, ૯.૦૦
બે યાર (ગુજરાતી) : ૫.૫૫
સ્ક્રીન-૪ :
આ તે કેવી દુનિયા (ગુજરાતી) : ૧૦.૨૦, ૪.૧૦, ૧૦.૦૦
પી.કે. : ૧૨.૫૫, ૬.૪૫

### સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :
તેવર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
સ્ક્રીન-૩ :
સિંઘમ રિટર્ન્સ : ૨.૦૦
ટેકન (અંગ્રેજી) : ૧૨.૦૦, ૫.૦૦, ૭.૧૫, ૯.૩૦
સ્ક્રીન-૪ :
તેવર : ૧૦.૦૦
પી.કે. : ૧૨.૪૫
આ તે કેવી દુનિયા (ગુજરાતી) : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૫ :
તેવર : ૧૧.૦૦
પી.કે. : ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

## આપની આજ

**મેષ** : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

**વૃષભ** : ભાગ્યવર્ધક રાજકીયક્ષેત્રે પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજય તરફથી વિશેષ લાભ.

**મિથુન** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાણા પરત મળી શકશે. વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે.

**કર્ક** : આત્મવિશ્વાસમાં વધારો થશે. પદ-પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધઈ શોધપૂર્ણ કાર્યોનો વિશેષ કાર્ય થશે.

**સિંહ** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર- વિર્મશ થઈ શકે છે.

**કન્યા** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ નો યોગ. કૌટુંબિક વિવાદા ઉભા ન થાય તેની કાળજી રાખવી. કોર્ટ- કચેરીના મુદ્દે સાવચેતી રાખવી.

**તુલા** : ધાર્મિક કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે.

**વૃશ્ચિક** : રોજગારીના નવા રસ્તાઓ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે.

**ધન** : વેપારી સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે. સુખ, સુવિધા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

**મકર** : આપને વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**કુંભ** : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. કાર્યો થઈ શકશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : આપના દ્વારા વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ અપાવશે. વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે.

## ચિરવિદાય

- સ્વ. હંસાબેન, ચીનુભાઈ દવે (ઉ.વ.૮૪) ૨૩, ઈન્દ્રપ્રસ્થ સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર
- સ્વ. મહાદેવભાઈ દેવજીભાઈ રબારી (ઉ.વ.૪૮) ગામ -બોરીજ, જૈન દેરાસર રોડ, સેક્ટર-૨૦, ગાંધીનગર
- સ્વ. નાગેશ્વરરાય (ઉ.વ.૬૭) ક્યુ-૫, કિર્તીધામ સોસાયટી, પેથાપુર, તા.જી. ગાંધીનગર